**માર્ગ અને મકાન વિભાગના વિવિધ કામોના ટેન્ડર માટે L-2 ઈજારદારશ્રી સાથે વાટાઘાટો કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

માર્ગ અને મકાન વિભાગ,

પરીપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૫/૩૧૪/સ

સચિવાલય, ગાંધીનગર,

તારીખ:૧૭/૦૩/૨૦૨૫

**<u>વંચાણે લીધા:</u>**

1) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક:ટી.એન.સી.-૧૦૮૩/આઈ.બી.-૪૪૧/૨૦/સ, તા.૦૯/૦૧/૧૯૮૪ નો ઠરાવ

2) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: અસ/૨૨/૨૦૧૭/૬૩૯/ક, તા.૦૮/૦૬/૨૦૧૮ નો ઠરાવ

3) ગુજરાત તકેદરી આયોગનો ક્રમાંક: મમખ/૧૧/૨૦૧૪/૭૯૭૧૩૯/ગ, તા. ૧૫/૦૯/૨૦૨૨ નો પત્ર

**<u>પરિપત્ર:</u>**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાં તથા મકાનોના વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર ઓનલાઈન મંગાવવામાં આવે છે. ઈજારદારશ્રી દ્વારા ટેન્ડરમાં ભરેલ ભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય કામોના ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તો તેવા સંજોગોમાં ઈજારદારશ્રીને વાટાઘાટો અર્થે બોલાવવામાં આવે છે. જ્યારે જે તે ટેન્ડર ભરનાર ઈજારદારશ્રી વારંવાર સક્ષમ કક્ષાએથી બોલાવેલ હોવા છતાં ઉપસ્થિત રહેતાં નથી, આથી સદર બાબતે વિભાગના સંદર્ભ-(૨) ના પત્રથી ઈજારદારશ્રીને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઈ વધુમાં વધુ ૩ (ત્રણ) વખત વાટાઘાટ માટે જાણ કરવા બાબતે, જો ઈજારદારશ્રી પ્રત્યુતર ના પાઠવે તો ટેન્ડર રદ્દ ગણવા બાબતે, બાનાની રકમ જપ્ત કરવા બાબતે તથા ઈજારદારશ્રી સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા બાબતેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

ગુજરાત તકેદારી આયોગના સંદર્ભિત પત્ર-(૩) અનુસાર એક કામના ટેન્ડરમાં L-2 ઈજારદારશ્રીને રૂબરૂ વાટાઘાટો અર્થે બોલાવી રૂબરૂ વાટાઘાટો દરમ્યાન L-2 પાસે તેઓએ ભરેલ ભાવમાં ઘટાડો કરાવી L-1 ઈજારદારશ્રી કરતાં નીચેનું વાટાઘાટો કરી L-2 ને L-1 બનાવી ટેન્ડર મંજુર કરેલ. તે બાબત સરકારશ્રીના ધ્યાને આવેલ છે.

આમ, માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વિવિધ કામો માટે જો ઈજારદારશ્રીને વાટાઘાટો અર્થે બોલાવવાના થાય તો, L-1 સિવાયના L-2 ઈજારદારશ્રીને પુરતાં કારણો સિવાય તથા સક્ષમ કક્ષાએથી પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય વાટાઘાટો અર્થે ના બોલાવવામાં આવે તેની ખાસ કાળજી રાખવા આથી સર્વે વર્તુળ કચેરીઓને સૂચના આપવામાં આવે છે.

**(એચ એલ સુથાર)**

ખાસ ફરજપરના અધિકારી (વિ.ઓ.)

માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ (સ્ટેટ, પંચાયત, રા.ધો. પા.યો. સહિત તમામ) તેઓના તાબા હેઠળની ક્ષેત્રીય કચેરીએ અમલવારી સારૂ.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (યં.ઓ.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપસચિવશ્રીઓ(તાંત્રીક), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ખાનગીકરણ શાખા, માર્ગ અને મકાન વિભાગ. (વિભાગની વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ–૨૦૨૬